# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃગ/ઉપક/ ૩૫૦/૨૦૧૨ તા. ૨૩/૭/૨૦૧૨**
**વંચાણે લીધાઃ**

(૧) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૨/2003 તા.૧૮/૧૨/2003
(૨) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૫/૨૦૦૪ તા.૨૫/૨/૨૦૦૪
(૩) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૯/૨૦૦૪ તા.૫/૩/૨૦૦૪
(૪) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૪૩/૨૦૦૪ તા.૨૧/૬/૨૦૦૪
(૫) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૪૬/૨૦૦૪ તા.૯/૮/૨૦૦૪
(૬) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૫૬/૨૦૦૪ તા.૧/૧૧/૨૦૦૪
(૭) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૫૭/૨૦૦૪ તા.૧૬/૧૧/૨૦૦૪
(૮) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૦૭/૨૦૦૭ તા.૧૯/૫/૨૦૦૭
(૯) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૬૭૦/૨૦૦૮ તા.૨૬/૩/૨૦૦૮
(૧૦) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૬૭૧/૨૦૦૮ તા.૨૬/૩/૨૦૦૮
(૧૧) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૭૭/૨૦૦૮ તા.૨૨/૭/૨૦૦૮
(૧૨) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૫૫/૨૦૦૮ તા.૨૫/૪/૨૦૦૮
(૧૩) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૩૮/૨૦૦૮ તા.૨૧/૧૧/૨૦૦૮
(૧૪) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૫૫/૨૦૦૯ તા.૪/૩/૨૦૦૯

અમદાવાદ શહેરમાં વધતા જતા પ્રદુષણને અટકાવવા અને અકસ્માતને નિયંત્રિત કરવા સુપ્રિમ કોર્ટને આપવામાં આવેલી બાહેધરીના અનુસંધાને અમદાવાદ શહેરમાં ભારે અને મધ્યમ પ્રકારના પેસેન્જર વાહનોને સવાર કલાક ૯.૦૦ થી રાત કલાક ૨૧.૦૦ સુધી અંદર પ્રવેશ કરી શકે નહીં તે અંગે તા.૪/૩/૨૦૦૯ ના જાહેરનામાં ક્રમાંક ગ/ઉપક/૨૫૫/૨૦૦૯ થી પ્રવેશબંધ જાહેર કરવામાં આવેલ પરંતુ ત્યાર બાદ શહેરમાં ટ્રાફિક ઘણાજ પ્રમાણમાં વધી ગયેલ છે.જેના કારણે અવારનવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે.પ્રદુષણ વધેલ છે.અને સામાન્ય પ્રજાજનની હાલાકી વધે છે.જેને નિવારવા માટે ભારે અને મધ્યમ પ્રકારના પેસેન્જર વાહનોની અવરજવરને નિયત્રિત કરવું જુરી બનેલ છે.આ સંજોગોમાં જાહેર જનતાના સામુહિક હિતમાં ટ્રાફિક સરળતાથી ચાલે તે માટે ટ્રાફિક નિયમન કરવું જુરી બનતા તા.૧૯/૫/૨૦૧૨ ના જાહેરનામાં ક્રમાંક ગ/ઉપક/૩૪૫/૨૦૧૨ થી પ્રવેશબંધી જાહેરનામું બહાર પાડવામાં આવેલ આ જાહેરનામાના સમર્થનમાં/વિરાધમાં તથા સુધારા વધારા માટેના સુચનો મંગાવવામાં આવેલ હતા, આ સંબંધે નાગરીકો સંસ્થાઓ તથા એસોસીએશનો તરફથી આવેલ તમામ રજૂઆતો અને સુચનોને ધ્યાનમાં લઇ જાહેર જનતાના સામુહિક હિતમા નીચે મુજબનો હુકમ કરું છું.

ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ મા) કલમ ૩૩ (બી) આધારે મળેલ સત્તાની રુએ હું એસ.કે.સાઇકીયા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર, અમદાવાદ શહેર વિસ્તારમાં ભારે તથા મધ્યમ પ્રકારના પેસેન્જર વાહનો માટે પ્રવેશબંધી અને અવરજવર તેમજ અન્ય ટ્રાફિક સરળતાથી ચાલે તે માટે નીચે મુજબનો હુકમ કરુ છું.

**હુકમ.**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારના તમામ પ્રકારના ભારે અને મધ્યમ પેસેન્જર વાહનો સવાર કલાક ૮.૦૦ થી રાત્રીના કલાક ૨૨.૦૦ સુધી અવરજવર કરી શકશે નહીં.

સુભાષબ્રીજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઇન્કમટેક્ષ સર્કલ, પાલડી સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારના પેસેન્જર વાહનો સવાર કલાક ૭.૦૦ થી રાત્રીના કલાક ૨૨.૦૦ સુધી અવરજવર કરી શકશે નહીં.

## ભારે અને મધ્યમ પ્રકારના ખાનગી પેસેન્જર વાહનોને નીચે દર્શાવ્યા મુજબ માર્ગે અને સમય મુજબ માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) આર.ટી.ઓના કામ માટે આવવા અને જવા માટે કલાક ૧૦.૦૦ થી ૧૮.૦૦ દરમ્યાનમાં ઝુંડાલ/તપોવન સર્કલથી વિસત પેટ્રોલ પંપ, અચેર ચાર રસ્તા ચિમનભાઇ પટેલ બ્રીજ થઇ આર.ટી.ઓ કચેરી.

(૨) ઇસ્કોન ચાર રસ્તાથી શીવરંજની થઇ ડાબી બાજુ વાળી ૧૩૨ ફુટ રીંગ રોડ થઇ ફક્ત આર. ટી. ઓ. કચેરીના કામ માટે આવી અને જઇ શકશે.

## કલાક ૧૩.૦૦ થી ૧૬.૦૦ દરમ્યાનમાં નીચે મુજબના માર્ગોનો ઉપયોગ કરી શકાશે.

(૧) સાબરમતી અચેર ટોલનાકા, પાવર હાઉસ સર્કલ, ચીમનભાઇબ્રીજ, પ્રબોધ રાવલ સર્કલ, સુભાષબ્રીજ, અંડરબ્રીજ સર્કલ, પોલીસ કમિશ્નર કચેરી, નમસ્તે સર્કલથી બારડોલ પુરા, દરીયાપુર દરવાજા થઇ ઇદગાહ પોલીસ ચોકીથી અસારવાબ્રીજ થઇ અસારવા ચકલા, ચામુંડાબ્રીજ, નિર્મલપુરા ચાર રસ્તા, વોરાના રોજા થઇ અમદુપુરા કાલુપુરબ્રીજ મધ્ય ભાગ થઇ ડાબા હાથે ત્યાંથી જમણી બાજુ શહેરકોટડા થઇ કાલુપુર મીટરગેજ રેલ્વે સ્ટેશન અને તેજ રસ્તે પરત.

(૨) નમસ્તે સર્કલ થી મહાપ્રભુજી ઓવરબ્રીજ, ઘેવર સર્કલ, ડફનાળા થઇ એરપોર્ટ સર્કલ થઇ ઇન્દીરાબ્રીજ અથવા નરોડા તરફ જઇ શકાશે તથા આવી શકાશે.

(૩) સૌરાષ્ટ્ર તરફથી રેલ્વે સ્ટેશન જવા માટે આવતા વાહનો ઇસ્કોન ચાર રસ્તાથી શ્યામલ ચાર રસ્તાથી ડાબી બાજુ ૧૩૨ ફુટ રીંગ રોડ, સુભાષબ્રીજ, શાહીબાગ, અંડરબ્રીજ સર્કલ થઇ સી.પી ઓફિસ થઇ નમસ્તે સર્કલથી બારડોલપુરા, દરીયાપુર દરવાજા થઇ ઇદગાહ પોલીસ ચોકીથી અસારવાબ્રીજ થઇ અસારવા ચકલા, ચામુંડાબ્રીજ, નિર્મલપુરા ચાર રસ્તા, વોરાના રોજા થઇ અમદુપુરા, કાલુપુરબ્રીજ મધ્ય ભાગે થઇ ડાબા હાથે ત્યાંથી જમણી બાજુ શહેરકોટડા થઇ કાલુપુર મીટરગેજ રેલ્વે સ્ટેશન, અને તેજ રસ્તે પરત.

(૪) નરોડા પાટીયાથી મેમ્કો ચાર રસ્તા થઇ અમદુપુરા ચોકીથી કાલુપુર બ્રીજ મધ્ય ભાગે ડાબી બાજુ શહેરકોટડા પોલીસ સ્ટેશનથી મીટરગેજ રેલ્વે સ્ટેશન જઇ શકાશે અને તેજ રસ્તે પરત.

(૫) સરખેજ તરફ થી જુહાપુરા એ.પી.એમ.સી થઇ વાસણા થઇ પાલડી એ.એમ.ટી.એસ.પ્લોટ, અને તેજ રસ્તે પરત.

(૬) નારોલથી વિશાલા જમણી બાજુ એ.પી.એમ.સી વાસણા પાલડી એ.એમ.ટી.એસ.પ્લોટ, અને તેજ રસ્તે પરત.

(૭) ઇસ્કોન સર્કલથી શીવરંજની જમણા હાથે શ્યામલ ચાર રસ્તા, જીવરાજ મહેતાબ્રીજ, જીવરાજ ચાર રસ્તા, એપીએમસી માર્કેટ, વાસણા ટી રોડ, ત્યાંથી ડાબા હાથે પાલડી એ. એમ. ટી. એસ. નો પ્લોટ.

આ વાહન માલીક તથા સંચાલકોએ પોતાના વાહનો શહેરમાં પાર્ક કરવા પાર્કિંગ પ્લોટની વ્યવસ્થા કરવાની રહેશે. પોતાના પાર્કિંગ પ્લોટની વ્યવસ્થા કર્યા અંગે ટ્રાફિક બ્રાન્ચ બાંહેધરી આપશે. અને તેના પુરાવા આપ્યા બાદ ટ્રાફિક બ્રાન્ચની મંજુરીથી નક્કી કરેલા પાર્કિંગ પ્લોટ સુધી શહેરમાં આવ-જા કરી શકશે. આ અંગેની પરવાનગી અલગથી મેળવવાની રહેશે.

આ વાહન ચાલક/માલીક/સંચાલકોએ આ પાર્કિંગ પ્લોટમાં જ વાહનો પાર્ક કરવાના રહેશે. અને ત્યાંથી જ મોટર વાહન ધારામાં દર્શાવેલ પેસેન્જર વાહનને પરમીટની શરતો મુજબનાં જ પાર્કિંગ પ્લોટનો ઉપયોગ પેસેન્જર લેવા ઉતારવા માટે કરવાનો રહેશે. આ સિવાય બીજા કોઇ સ્થળે પાર્ક કરી શકશે નહી. તેમજ પાર્કિંગ માટે જાહેર માર્ગ ઉપર અગર જાહેર જગ્યાઓમાં કોઇ જગ્યાએ વાહન ઉભા રાખી શકશે નહીં.

**આ જાહેરનામાંમાથી નીચે મુજબના વાહનોને મુકતી આપવામાં આવે છે.**

**૧. તમામ કોલેજ અને સ્કુલની બસ.**

**૨. તમામ સ્ટાફ બસ.**

**૩. લગ્ન પ્રસંગ માટે ઉપયોગમાં લેવાતા પેસેન્જર વાહનો.**

**૪. એસ.ટી. કોર્પોરેશન, એએમટીએસ, ફાયર બ્રીગેડ, એમ્બ્યુલન્સ, તથા સરકારી વાહનો.**

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ મુંબઇ પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ (બી) (૪) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૪/૭/૨૦૧૨ ના કલાક. ૦૦:૦૦ થી અમલમાં આવશે.

આજરોજ તા. ૨૩/૭/૨૦૧૨ એ મેં મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

૨૩/૭/૧૨

(એસ.કે.સાઈકીયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા. ૨૩/૭/૨૦૧૨
અમદાવાદ શહેર.

**નકલ સવિનય રવાના :-**

૧. મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
    ૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારુ.
૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર
૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ. ( ૫ નકલ )
    રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ ( ૫ નકલ )
    રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ અમદાવાદ. ( ૫ નકલ )
    ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ ( ૨૫ નકલ )
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર
૭. પબ્લીક પ્રોસીકયુટરશ્રી, અમદાવાદ શહેર.
૮. સીનીયર પોલીસ પ્રોસીકયુટરશ્રી, અમદાવાદ શહેર
૯. માહીતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
    ૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ.

નકલ રવાના :

૧. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર.૧ અને ૨, ટ્રાફિક, તથા મુખ્ય મથક, વિ.શાખા, વહિવટ, અ'વાદ શહેર.

૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.

૩. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર

૪. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રુમ, અમદાવાદ શહેર.

૨/- જાણ સારું દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

૫. તમામ પો.ઇન્સ.શ્રી ______________________ અમદાવાદ શહેર

૨/- જાણ સારું તેમજ પોસ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારું

૬. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારું.